| ઉમેદવારનો બેઠક નંબરઃ | |
|---|---|

| પ્રશ્નપુસ્તિકા નંબર |
|---|
| **M** |

**ખાતાના વડાની કચેરીનું નામઃ કમાન્ડન્ટ જનરલ હોમગાર્ડઝની કચેરી**

**સંવર્ગનું નામઃ જુનિયર સ્ટાફ ઓફિસર (વહીવટ), વર્ગ-૨**

**વિષયઃ સેવાકીય બાબતો ભાગ- ૨**

| પ્રશ્નપત્ર નંબર |
|---|
| 2 |

| પરીક્ષા તારીખ : ૨૧-૦૫-૨૦૨૫ | With Book |
|---|---|

**પ્રોવિઝનલ આન્સર કી પ્રસિદ્ધ થયા તારીખ : ૨૩-૦૫-૨૦૨૫**

**સમય : ૩ કલાક**

**કુલ ગુણઃ ૧૦૦**

**તમને સૂચના આપવામાં ન આવે ત્યાં સુધી પ્રશ્નપુસ્તિકા ખોલવી નહીં.**

**** ઉમેદવારોને સૂચના ****

(1) આ કસોટીપત્રમાં કુલ ૧૦૦ પ્રશ્નો છે. પ્રત્યેક પ્રશ્નો ઉત્તર A, B, C અને D પૈકી કોઈ એક છે. પ્રશ્નની સાથે જ ચારેય વિકલ્પો આપવામાં આવેલ છે. તમારે બધા જ પ્રશ્નોના ઉત્તર આપવાના છે. તમારે આ સાથે અલગ આપેલ ઉત્તરપત્ર (OMR SHEET) માં જ ઉત્તર આપવાના છે.
ઉદાહરણ તરીકેઃ
ભારતના રાષ્ટ્રપિતા તરીકે કોણ ઓળખાય છે?
(A) સરદાર પટેલ (B) મહાત્મા ગાંધી
(C) સુભાષચંદ્ર બોઝ (D) વિનોબા ભાવે
જવાબવહી (OMR SHEET) માં
(A) (●) (C) (D)
ઉપર્યુક્ત ઉદાહરણનો જવાબ "B" છે. આથી "B" નું વર્તુળ કાળું (encode) કરેલ છે.

(2) પરીક્ષા શરૂ થયેથી ઉમેદવાર પરીક્ષા છોડી શકશે નહી અને અનિવાર્ય કારણોસર પરીક્ષા પૂર્ણ થયા પહેલાં ઉમેદવારે પરીક્ષા ખંડ છોડવો હોય તો પોતાનું ઉત્તરપત્ર અન પ્રશ્નપત્ર પરત આપવાનું રહેશે. પરીક્ષા પૂર્ણ થયા બાદ ઉમેદવાર પોતાનું પ્રશ્નપત્ર લઈ જઈ શકશે.

(3) પ્રશ્નપત્ર ઉમેદવારને મળે કે તરત જ ઉત્તરપત્ર (OMR SHEET) માં નિયત કરેલ જગ્યાએ પોતાનો બેઠક નંબર તથા અન્ય વિગતો સ્વચ્છ અક્ષરે લખવાની રહેશે.

(4) પ્રત્યેક સાચા જવાબદીઠ 1 (એક) ગુણ મળવાપાત્ર થશે. કચેરી દ્વારા ગુણાંકન પદ્ધતિમાં માઈનસ પદ્ધતિ દાખલ કરવામાં આવેલ નથી.

(5) પ્રશ્નપત્ર તથા ઉત્તરપત્ર (OMR SHEET) માં નિશ્ચિત જગ્યા સિવાય ઉમેદવારે પોતાનો બેઠક ક્રમાંક લખવો નહીં તથા પોતાની આગવી ઓળખ છતી થાય તેવી નામ સહિતની અન્ય કોઈ પણ પ્રકારની નિશાની કરવાની સખત મનાઈ છે. તેમ છતાં પણ કોઈ પણ નિશાની કે ઓળખ કર્યાનું માલૂમ પડશે તો તેને સંપૂર્ણ ગેરશિસ્ત ગણવામાં આવશે અને પરીક્ષા માટે ગેરલાયક ગણવામાં આવશે.

(6) ઉત્તરપત્ર (OMR SHEET) માં ઉમેદવાર તથા નિરીક્ષક બંનેની સહી ફરજિયાત છે. બંનેની સહી વિનાની OMR Sheet (ઉત્તરપત્ર) વાળા ઉમેદવાર ગેરલાયક ઠરશે.

(7) પરીક્ષા દરમ્યાન ઉમેદવાર પાસે માન્ય સાહિત્ય સિવાય અન્ય સાહિત્ય જેવું કે, ગાઈડ, માર્ગદર્શિકા, કાપલી, સ્લીપો, અન્ય હસ્તલિખિત કે પ્રિન્ટેડ સાહિત્ય, મોબાઈલ ફોન જેવા અન્ય વીજાણું ઉપકરણો હોવાનું જણાશે તો ઉમેદવારને ગેરલાયક ગણવામાં આવશે.

(8) ચાલુ પરીક્ષા દરમ્યાન અંદરોઅંદર ગુસપુસ કરવી, અવાજ કરવો કે નિરીક્ષકની સૂચનાઓનું ઉલ્લંઘન કરવું તે ગેરશિસ્ત ગણાશે.

(9) ઉમેદવારે વાદળી/કાળી બોલપેનથી જ ઉત્તરો લખવાના છે.અન્ય શાહી કે પેન્સિલનો ઉપયોગ કરી શકાશે નહીં. તથા સફેદ શાહી (વ્હાઈટ ઈન્ક) બ્લેડ કે રબ્બરથી કે અન્ય કોઈ પણ રીતે પ્રશ્નના જવાબમાં કરેલા સુધારા માન્ય ગણાશે નહીં.

**પરીક્ષા આપનાર ઉમેદવારે ઉત્તરપત્ર (OMR SHEET) વર્ગનિરીક્ષકને પરત કર્યા બાદ જ વર્ગખંડ છોડવાનો રહેશે. તેમ કરવામાં કસુર થયેથી શિસ્તભંગના પગલાં ગણી પરીક્ષા માટે ઉમેદવારને ગેરલાયક ઠેરવામાં આવશે.**

001. ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ મુજબ ગુજરાત રાજ્યની મુલ્કી સેવાઓ કેટલાં વર્ગોમાં વિભાજિત છે?

(A) બે
(B) ત્રણ
(C) ચાર
(D) પાંચ

002. ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ ની જોગવાઇઓ મુજબ નીચે પૈકી શું સાચું છે ?

(૧) વર્ગ-૧ અથવા વર્ગ-૨ તરીકે વર્ગીકૃત કરેલી સેવા અને જગા, રાજ્ય સેવા તરીકે ઓળખાશે.
(૨) વર્ગ-૩ અથવા વર્ગ-૪ તરીકે વર્ગીકૃત કરેલી સેવા અને જગા, તાબાની સેવા તરીકે ઓળખાશે.
(૩) વર્ગ-૩ તરીકે વર્ગીકૃત કરેલી સેવા અને જગા, તાબાની સેવા તરીકે ઓળખાશે.
(૪) વર્ગ-૩ અથવા વર્ગ-૪ તરીકે વર્ગીકૃત કરેલી સેવા અને જગા, ઉતરતા દરજ્જાની સેવા તરીકે ઓળખાશે.

(A) વિધાન – ૧ તથા ૨ સાચા છે.
(B) વિધાન – ૩ તથા ૪ સાચા છે.
(C) વિધાન – ૧ તથા ૩ સાચા છે.
(D) તમામ વિધાનો સાચા છે.

003. ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ મુજબ રાજ્ય સેવા અથવા જગા પર નીચે પૈકી કઈ પદ્ધતિથી થયેલ નિમણૂક માન્ય નથી ?

(A) સીધી ભરતી
(B) પ્રમોશન
(C) બદલી
(D) ચુંટણી

004. ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ મુજબ, તાબાની સેવાઓ અથવા ઉતરતા દરજ્જાની સેવાઓમાં સેવા અથવા જગા પર નિમણૂક સંદર્ભે શું સાચું નથી ?

(A) સ્પર્ધાત્મક પરીક્ષાના પરિણામથી અથવા સીધી પસંદગીથી પસંદ કરાયેલ ઉમેદવારની, સરકારે વખતોવખત ઠરાવેલી બોલીઓ અને શરતોએ અને તદનુસાર, કરાર આધારિત નિમણૂક કરવી જોઈશે.
(B) કરાર આધારિત સેવાની નિયત મુદત દરમિયાન તેની કામગીરી સંતોષકારક જણાયેથી ઉમેદવારને સંબંધિત જગા માટે ઠરાવેલું પગાર ધોરણ આપવું જોઇશે.
(C) ઉમેદવારે, કરાર આધારિત સેવાની નિયત મુદત દરમિયાન અથવા ત્યાર પછીની બે વર્ષની મુદતની અંદર, ગુજરાત મુલ્કી સેવા કોમ્પ્યુટર ક્ષમતા તાલીમ અને પરીક્ષા નિયમો, ૨૦૦૬માં ઠરાવ્યા પ્રમાણે કોમ્પ્યુટરની જાણકારી માટેની સી.સી.સી. પરીક્ષા પાસ કરવાની રહેશે.
(D) ઉમેદવારે, કરાર આધારિત સેવાની મુદત દરમિયાન સરકારે વખતોવખત, ઠરાવેલા નિયમો અનુસાર, હિન્દી અથવા ગુજરાતી અથવા યથાપ્રસંગ, તે બંને પરીક્ષા પાસ કરવી જોઈશે.

005. ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ ના સંદર્ભમાં, અનુસૂચિત જાતિઓમાં નીચે પૈકી કોનો સમાવેશ થાય છે ?

(A) સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગના તારીખ ૨૩ મી જાન્યુયારી, ૨૦૧૯ના ઠરાવથી રાજ્ય સરકાર દ્વારા નક્કી કરેલી જ્ઞાતિઓ, વર્ગો અને જૂથોનો.

(B) ભારતના સંવિધાનના અનુચ્છેદ ૩૪૧ હેઠળ ગુજરાત રાજ્યના સંબંધમાં અનુસૂચિત જાતિઓ તરીકે ગણાતી હોય તેવી જ્ઞાતિઓ, જાતિઓ અથવા જનજાતિઓનો.

(C) ભારતના સંવિધાનના અનુચ્છેદ ૩૪૨ મુજબ ગુજરાત રાજયના સંબંધમાં અનુસૂચિત જનજાતિઓ તરીકે ગણાતી હોય તેવી જનજાતિઓ અથવા જનજાતિ કોમોનો.

(D) રાજય સરકારે મજૂર, સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગના તારીખ ૧લી એપ્રિલ, ૧૯૭૮ના સરકારી ઠરાવથી નિયત કરેલ જ્ઞાતિઓ, વર્ગો અને જૂથોનો.

006. ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ મુજબ, નિમણૂક સત્તાધિકારી બઢતી માટે જરૂરી અનુભવમાં કેટલી છૂટછાટ આપી શકે છે ?

(A) બે તૃતીયાંશ કરતાં ઓછો ન હોય

(B) એક તૃતીયાંશ કરતાં ઓછો ન હોય

(C) એક ચતુર્થાંશ કરતાં ઓછો ન હોય

(D) અનુભવમાં કોઈપણ છૂટછાટ આપી શકાતી નથી.

007. ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ મુજબ, રાજ્ય સરકાર દ્વારા કોઇ નિશ્ચિત સમયગાળાની ભરતી માટે ખાસ હૂકમથી ઉપલી વયમર્યાદામાં છૂટછાટ આપવામાં આવેલ ન હોય તો, સેવામાં પ્રવેશ માટેની મહત્તમ વયમર્યાદા કેટલી હોય છે ?

(A) ૩૩ વર્ષ

(B) ૩૫ વર્ષ

(C) ૪૦ વર્ષ

(D) ૪૫ વર્ષ

008. ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ મુજબ, આવશ્યક લાયકાત તરીકે સ્નાતકની પદવી કરતાં ઓછી લાયકાતની જરૂરિયાત હોય તેવી કોઇપણ સેવા અથવા જગા ઉપર ભરતી માટેની ઉપલી વયમર્યાદા કેટલા વર્ષની રહેશે ?

(A) ૩૩ વર્ષ

(B) ૩૫ વર્ષ

(C) ૪૦ વર્ષ

(D) ૪૫ વર્ષ

009. ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ મુજબ રાજ્ય સરકારની કોઇપણ સેવા કે જગા ઉપર નિમણૂક માટે નીચેનામાંથી કઈ કેટેગરી માટે ઉપલી વયમર્યાદામાં છૂટ આપી શકાય છે ?

(A) માત્ર આર્થિક રીતે નબળા વર્ગ (EWS)

(B) માત્ર અનુસૂચિત જાતિ/ અનુસૂચિત જનજાતિ (SC/ST)

(C) માત્ર સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગો (SEBC)

(D) SC/ST/SEBC તથા મહિલા ઉમેદવારો

010. ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ મુજબ અજમાયશની મુદ્દત વધારવાની સત્તા કોને છે?

(A) રાજ્યપાલ
(B) રાજ્ય લોક સેવા આયોગ
(C) નિમણૂક સત્તાધિકારી
(D) સામાન્ય વહીવટ વિભાગ

011. વર્ગીકરણ અને ભરતી નિયમો હેઠળ "નાગરિકત્વ" સંબંધી નીચે જણાવેલ પૈકી કઈ જોગવાઈ યોગ્ય જણાતી નથી?

(A) ભારતનો નાગરિક હોય
(B) નેપાળ, ભૂતાનનો પ્રજાજન કે તિબેટનો નિર્વાસિત, ભારતમાં કાયમી વસવાટ કરવાના ઈરાદાથી ભારતમાં કોઈપણ સમયે આવેલ વ્યક્તિ.
(C) નેપાળ, ભૂતાનનો પ્રજાજન કે તિબેટનો નિર્વાસિત ભારતમાં કાયમી વસવાટ કરવાના ઈરાદાથી સન ૧૯૬૨ના જાન્યુઆરી મહિનાની ૧લી તારીખ પહેલાં ભારતમાં આવ્યો હોય.
(D) મૂળ ભારતની વ્યક્તિ હોય અને ભારતમાં કાયમી વસવાટ કરવાના ઈરાદાથી, પાકિસ્તાન બ્રહ્મદેશ, શ્રીલંકા, કેન્યા, યુગાન્ડા, વિયેતનામ વગેરે દેશમાંથી સ્થળાંતર કરીને આવેલ હોય

012. ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો-૧૯૬૭ હેઠળ રાજ્ય સરકારની અથવા અન્ય કોઈ પણ રાજ્ય સરકારની અથવા કેન્દ્ર સરકારની અથવા સ્થાનિક સેવા સત્તા મંડળની નોકરીમાં હોય તે વ્યક્તિ માટે નીચેના પૈકી કઈ બાબત સાચી છે?

(A) કેન્દ્ર સરકાર અથવા અન્ય કોઈ પણ રાજ્ય સરકારની સેવામાં હોય તેવી વ્યક્તિને, જે સરકાર હેઠળ તે નોકરી કરતો હોય તેની પરવાનગી વગર સ્પર્ધાત્મક પરીક્ષાના ઉમેદવાર તરીકે સ્વીકારી શકશે નહી.
(B) રાજ્ય સરકારની અથવા અન્ય કોઈ પણ રાજ્ય સરકારની અથવા કેન્દ્ર સરકારની અથવા સ્થાનિક સેવા સત્તા મંડળ ની નોકરીમાં હોય તે વ્યક્તિ રાજ્ય સેવા અથવા તાબાની સેવામાંની કોઇ જગા પર નિમણૂક માટે અરજી કરવા કોઇની મંજૂરી મેળવવાની જરુરિયાત નથી.
(C) રાજ્ય સરકારની અથવા અન્ય કોઈ પણ રાજ્ય સરકારની અથવા કેન્દ્ર સરકારની અથવા સ્થાનિક સેવા સત્તા મંડળ ની નોકરીમાં હોય તે વ્યક્તિની કોઇ જગા ઉપર બદલી કરવા માટે કોઈની મંજૂરી મેળવવાની રહેતી નથી.
(D) ઉક્ત તમામ વિધાનો ખોટા છે.

013. ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતી નિયમો-૧૯૬૭ અન્વયે નોકરીમાં અથવા હોદ્દા ઉપર બઢતીથી નિમણૂક બાબતે નીચે જણાવેલ કઈ જોગવાઈ યોગ્ય જણાય છે?

(A) કોઈ જગા પર નિમણૂક બઢતી આપીને કરવાની હોય ત્યારે કોઈ કર્મચારી સિનિયોરિટીને કારણે એવી બઢતી માટે હકદાર થશે નહિ.
(B) સિનિયોરિટી ઉપરાંત આવી રીતે નિમાનાર સરકારી કર્મચારી એની બઢતી માટે લાયક જણાયા વગર તેની નિમણૂક કરવી નહિ.
(C) બઢતીથી કોઈપણ જગા ઉપર નિમણૂક કરતી વેળા નિમણૂક અધિકારી જે કર્મચારી તે જગા ઉપરની ફરજો અને જવાબદારીઓ અદા કરવા માટે દેખીતી રીતે યોગ્ય ન હોય અને જેની નિમણૂકથી તે જગાના કામની કાર્યક્ષમતાને પ્રતિકૂળ રીતે અસર થવાનો સંભવ હોય તે કર્મચારીને સુપરસીડ કરી શકાશે.
(D) ઉપરોક્ત (A)થી (C)જોગવાઈ નિયમ મુજબ જણાય છે.

014. મુંબઈ મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતી નિયમો-૧૯૩૯ ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતી ( સામાન્ય ) નિયમો-૧૯૬૭ના કયા નિયમથી રદ કરવામાં આવેલ છે ?

(A) ૧૬ (ક)

(B) ૧૬ (ખ)

(C) ૧૭

(D) ૧૬ (છ)

015. ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો-૧૯૬૭ હેઠળ સારા ચારિત્ર્ય નો પુરાવો કયા નિયમમાં સમાવિષ્ટ કરેલ છે ?

(A) નિયમ-૫

(B) નિયમ -૬

(C) નિયમ-૭

(D) નિયમ-૪

016. ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો-૧૯૬૭ અન્વયે નીચેના પૈકી કયુ જોડકું સાચું છે?

(A) રાજ્ય સરકાર -ગુજરાત અને કેન્દ્ર સરકાર

(B) અનુસૂચિત જન જાતિ – ભારતના સંવિધાનના અનુચ્છેદ ૩૪૧ હેઠળ ગુજરાત રાજ્યના સંબંધમાં અનુસૂચિત જનજાતિઓ

(C) અનુસૂચિત જાતિ - ભારતના સંવિધાનના અનુચ્છેદ ૩૪૨ હેઠળ ગુજરાત રાજ્યના સબધમાં અનુસૂચિત જાતિઓ

(D) સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ – રાજ્ય સરકારના મજૂર, સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગના તારીખ : ૧ લી એપ્રિલ, ૧૯૭૮ મુજબ સમાવિષ્ટ જ્ઞાતિ સમૂહો

017. ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ મુજબ વર્ગ- ૧ અને વર્ગ-૨ ના કિસ્સામાં અજમાયશ સમયગાળાની મુદ્દત મહત્તમ કેટલી લંબાવી શકાય છે?

(A) ૧ વર્ષ

(B) ૨ વર્ષ

(C) નિમણૂક સત્તાધિકારીને યોગ્ય લાગે તેટલા વર્ષ

(D) વર્ગ- ૧ અને વર્ગ-૨ ના કિસ્સામાં અજમાયશની મુદ્દત લંબાવી શકાય નહી.

018. ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ કોને લાગુ પડે છે ?

(A) ભારતીય સંવિધાનના અનુચ્છેદ ૩૦૯ હેઠળ કરેલ નિયમો અનુસાર ભરવામાં આવતી હોય તેવી સેવા અને જગા ને.

(B) અખિલ ભારતીય સેવાની જગાઓને

(C) પોલીસ દળ ના તાબાની સેવાના હોદ્દાઓ ધરાવતા સભ્યોને.

(D) કેન્દ્ર સરકારની સેવા અને જગાઓને

019. ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ મુજબ, શારીરિક યોગ્યતા માટેનું પ્રમાણપત્ર નીચે પૈકી કયા કિસ્સામાં હંમેશા જરૂરી બને છે ?

(A) કર્મચારીની નવી નિમણૂક સમયે

(B) કર્મચારીની બદલીથી નિમણૂક સમયે

(C) કર્મચારીની બઢતીથી નિમણૂક સમયે

(D) કર્મચારીની પ્રતિનિયુક્તિથી નિમણૂક સમયે

020. ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ના નિયમ- ૬ સંદર્ભે શું સત્ય નથી ?

(A) અગાઉથી સેવામાં હોય તેવી વ્યક્તિની બઢતી અથવા બદલી કર્યા વગર અન્યથા રીતે નિમણૂક સમયે સારા ચારિત્ર્ય નો પુરાવો રજૂ કરવો આવશ્યક છે.

(B) અગાઉથી સેવામાં હોય તેવી વ્યક્તિની બદલી અથવા બઢતીથી નિમણૂક સમયે સારા ચારિત્ર્યનો પુરાવો રજૂ કરવો જરૂરી છે.

(C) ગુજરાત જાહેર સેવા આયોગના ક્ષેત્રાધિકાર હેઠળની જગ્યા પર નિમણૂક માટે સારા ચારિત્ર્યના પુરાવાનો નમૂનો આયોગ ઠરાવે છે.

(D) અન્ય કોઈપણ કિસ્સાઓમાં સારા ચારિત્ર્યનો પુરાવો નિમણૂક અધિકારી ઠરાવે તેવો રજૂ કરવાનો રહે છે.

021. ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ની જોગવાઇઓ મુજબ, કોઈપણ સેવા અથવા જગા માટે ઠરાવેલી લાયકાતોમાં અમુક મુદત સુધીના પ્રત્યક્ષ અનુભવ અંગેની લાયકાતનો સમાવેશ થતો હોય ત્યારે અનુભવની મુદ્દત કઈ રીતે ગણવામાં આવે છે ?

(A) ભરતી નિયમોમાં અન્યથા જોગવાઈ કરવામાં આવી ન હોય તો જરૂરી લાયકાતો મેળવવામાં આવે તે તારીખથી.

(B) અરજી સ્વીકારવા માટે નક્કી કરેલી છેલ્લી તારીખ સુધીમાં મેળવેલ અનુભવની ગણતરી કરવામાં આવે છે.

(C) ઉક્ત **A** તથા **B** બન્નેમાં દર્શાવેલ રીતે.

(D) ઉપરોક્ત પૈકી એક પણ નહીં

022. ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ની જોગવાઇઓ મુજબ, વર્ગ-૨ ની સેવામાં બઢતી માટે વર્ગ- ૩ ની સેવામાં કેટલા વર્ષનો અનુભવ જરૂરી છે ?

(A) ૫ વર્ષ

(B) ૬ વર્ષ

(C) ૭ વર્ષ

(D) ૮ વર્ષ

023. ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ મુજબ કોઇપણ સેવા અથવા જગા, રાજ્ય સરકારે તે અર્થે કરેલા સામાન્ય અથવા ખાસ હુકમથી, અન્યથા ફરમાવ્યું હોય તે સિવાય, જો તે રાજપત્રિત દરજ્જાની જગા હોય તો -

(A) વર્ગ-૧ની ગણાશે

(B) વર્ગ-૨ની ગણાશે

(C) વર્ગ-૩ની ગણાશે

(D) વર્ગ-૪ની ગણાશે

024. ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ ની જોગવાઇઓ મુજબ કોઇપણ સેવા અથવા જગા પર નિમણૂક સંદર્ભે નીચેનામાંથી શું સાચુ છે ?

(૧) વ્યક્તિ ભારત, નેપાળ અથવા ભૂતાનનો નાગરિક હોવો જોઇશે.

(૨) વ્યક્તિ તિબેટનો નિર્વાસિત હોય અને જે ભારતમાં કાયમી વસવાટ કરવાના ઈરાદાથી સન ૧૯૬૨ના જાન્યુઆરી મહિનાની ૧લી તારીખ પછી ભારતમાં આવ્યો હોવો જોઇશે.

(૩) જે મૂળ ભારતની વ્યક્તિ હોય, અને ભારતમાં કાયમી વસવાટ કરવાના ઇરાદાથી પાકિસ્તાન, બર્મા, શ્રીલંકા, કેન્યા, યુગાન્ડા, ટાન્ઝાનીયાનું સંયુક્ત પ્રજાસત્તાક (અગાઉના ટાન્ગાનિક અને ઝાંઝીબાર), ઝામ્બીઆ, મલાવી, ઝૈર, ઇથિયોપિયા જેવા પૂર્વ આફ્રિકાના દેશો અને વિયેટનામમાંથી સ્થળાંતર કરીને આવી હોય તેને નિમણૂક આપી શકાશે.

(૪) માત્ર ભારતના નાગરિકને જ નિમણૂક આપી શકાય છે.

(A) માત્ર વિધાન – ૧ સાચું છે.
(B) માત્ર વિધાન – ૩ સાચું છે.
(C) માત્ર વિધાન – ૪ સાચું છે.
(D) વિધાન ૧, ૨ તથા ૩ સાચા છે.

025. ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતી( સામાન્ય ) નિયમો-૧૯૬૭ અન્વયે ઉમેદવાર સરકારી સેવામાં નિમણૂક થવાની અથવા ઉપલી જગામાં બઢતી મેળવવાની અરજી માટે પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે સહાય મેળવવાનો પ્રયત્ન કરે તો તે કયા નિયમ હેઠળ ગેરલાયક ઠરશે ?

(A) 12
(B) 13
(C) 14
(D) 15

026. ગુજરાત રાજ્ય સેવા (વર્તણૂંક) નિયમો-૧૯૭૧ ક્યારથી અમલમાં આવેલ છે ?

(A) ૨૬મી જાન્યુઆરી, ૧૯૭૧
(B) ૧૦મી ઓગષ્ટ, ૧૯૭૧
(C) ૧૫મી ઓગષ્ટ, ૧૯૭૧
(D) ૧૦મી ફેબ્રુઆરી, ૨૦૧૨

027. ગુજરાત રાજ્ય સેવા (વર્તણૂંક) નિયમો-૧૯૭૧ મુજબ "સરકારી કર્મચારી" માં નીચેના પૈકી કોનો સમાવેશ થાય છે?

(A) રાજ્યની કામગીરી માટે કોઇ પણ જગ્યા પર નિમાયેલ વ્યકિત
(B) મહારાષ્ટ્ર સરકારમાં પ્રતિનિયુક્તિ પર હોયા તેવા સરકારી કર્મચારી
(C) રાજ્યેત્તર સેવામાંના સરકારી કર્મચારી
(D) ઉક્ત તમામ

028. એક સરકારી કર્મચારી પોતાના ઘરના કામે ધોરણ-૫ માં અભ્યાસ કરતાં બાળકને કામે રાખે છે. તેની આ વર્તણૂંક કયા નિયમોનો ભંગ કરે છે?

(A) ગુજરાત રાજ્ય સેવા (વર્તણૂંક) નિયમો-૧૯૭૧ ના નિયમ-૩(ક)
(B) ગુજરાત રાજ્ય સેવા (વર્તણૂંક) નિયમો-૧૯૭૧ ના નિયમ-૩ (ખ)
(C) ગુજરાત રાજ્ય સેવા (વર્તણૂંક) નિયમો-૧૯૭૧ ના નિયમ-૩ (ગ)
(D) ઉક્ત તમામ

029. એક સરકારી કર્મચારી રાજ્ય સરકારના "મમતા અભિયાન" કાર્યક્રમની જાહેરમાં ટીકા કરે છે તો તેણે ગુજરાત રાજ્ય સેવા (વર્તણૂંક) નિયમો-૧૯૭૧ ના કયા નિયમનો ભંગ કર્યો ગણાય?

(A) ૯ (૧)
(B) ૯ (૨)
(C) ૯ (૩)
(D) એકપણ નહીં

030. એક વર્ગ-૨ ના અધિકારી સરકારી કામકાજનો વ્યવહાર ધરાવતા હોય તેવા કોઈ વ્યકિત તરફથી મળેલ રહેઠણની જોગવાઇનો સ્વીકાર કરે તો તેણે ગુજરાત રાજ્ય સેવા (વર્તણૂંક) નિયમો-૧૯૭૧ ના કયા નિયમનો ભંગ કર્યો ગણાય?

(A) ૧૩ (૧)
(B) ૧૩ (૨)
(C) ૧૩ (૩)
(D) ૧૩ (૬)

031. ગુજરાત રાજ્ય સેવા (વર્તણૂંક) નિયમો-૧૯૭૧ હેઠળ સરકારી કર્મચારી માટે કયું વર્તન ગેરવર્તણૂંક છે?

(A) સરકારી કર્મચારીઓના લાભ માટેની સહકારી મંડળીના વહીવટમાં ભાગ લેવો.
(B) શિખાઉ તરીકે રમતગમતની પ્રવૃતિઓમાં ભાગ લેવો.
(C) કોઇપણ ખાનગી અથવા જાહેર મંડળ અથવા કોઇપણ ખાનગી વ્યકિત માટે કરેલ કોઇપણ કામ માટે કોઇપણ ફી સ્વીકારવી.
(D) સાહિત્યક કલા વિષયક અથવા વૈજ્ઞાનિક પ્રકારનું પ્રાસગિક કામ હાથ ધરવું

032. રાજ્ય સરકારમાં વર્ગ-૩ તરીકે સરકારી નોકરી કરતાં એક કર્મચારીની નીચેના પૈકી કઈ વર્તણૂંક નો "હડતાલ" માં સમાવેશ થશે ?

(A) કાળી પટ્ટી ધારણ કરી નિયત કામ કરવું.
(B) એસોસિયેશનની સભામાં ભાગ લેવો.
(C) પેન ડાઉન કાર્યક્રમમાં ભાગ લેવો.
(D) કાયદેસર યોજવામાં આવેલ સમારંભમાં ભાગ લેવો.

033. ગુજરાત રાજ્ય સેવા (વર્તણૂંક) નિયમો-૧૯૭૧ ના સંદર્ભમાં નીચેના પૈકી કયો વિકલ્પ બંધ બેસતો નથી?

(A) નિયમ-૩ (ક)-ત્વરા અને વિવેક
(B) નિયમ-૧૩ (ક)-નાનું કુટુંબ
(C) નિયમ-૩ (ખ)-કામ કરતી મહિલાઓની જાતીય સત્તામણીની મનાઇ.
(D) નિયમ-૩-ગ- ૧૪ વર્ષથી નાની ઉંમરના બાળકને કામે રાખવાની મનાઇ.

034. નીચેના પૈકી કયું જોડકું ગુજરાત રાજ્ય સેવા(વર્તણૂંક) નિયમો-૧૯૭૧ પ્રમાણે ખોટું છે?

(A) નિયમ-૧૨-ફાળો
(B) નિયમ-૯-સરકારની ટીકા
(C) નિયમ-૧૩ ભેટ
(D) નિયમ-૬- રાજકારણ અને ચુંટણીમાં ભાગ લેવો

035. ગુજરાત રાજ્ય સેવા (વર્તણૂંક) નિયમો-૧૯૭૧ માં આપેલ વ્યાખ્યા મુજબ નીચે પૈકી કોનો સમાવેશ " કુટુંબના સભ્ય" તરીકે થતો નથી ?

(A) સરકારી કર્મચારી સાથે ન રહેતા હોય તેવા સરકારી કર્મચારીના પતિ કે પત્ની

(B) સરકારી કર્મચારીથી નિયમોનુસાર છૂટાછેડા લીધેલ હોય તેવા સરકારી કર્મચારીના પતિ કે પત્ની

(C) સરકારી કર્મચારી પર સંપૂર્ણ આશ્રિત હોય તેવો તેનો ઓરમાન પુત્ર કે પુત્રી

(D) સરકારી કર્મચારી પર સંપૂર્ણ આશ્રિત હોય તેવા સરકારી કર્મચારીના પતિ કે પત્ની સાથે વિવાહ સંબંધને કારણે સગપણથી જોડાયેલ વ્યક્તિ

036. ગુજરાત રાજ્ય સેવા (વર્તણૂંક) નિયમો-૧૯૭૧ મુજબ, સરકારી કર્મચારીની નીચે પૈકીની કઇ વર્તણૂંક નિયમભંગ ગણાય નહીં ?

(A) કોઇ રાજકીય પક્ષ દ્વારા યોજાયેલ ચૂંટણીસભામાં શ્રોતા તરીકે ઉપસ્થિત રહેવું.

(B) ચૂંટણી દરમ્યાન કોઇ પક્ષનો પ્રચાર કરવો.

(C) રાજકીય પક્ષને આર્થિક ફાળો આપવો.

(D) સરકારી કર્મચારી દ્વારા પોતાના વાહન, મકાન કે શરીર પર ચૂંટણી પ્રતિક પ્રદર્શિત કરવું.

037. ગુજરાત રાજ્ય સેવા (વર્તણૂંક) નિયમો-૧૯૭૧ મુજબ, સરકારી કર્મચારીની નીચે પૈકીની કઇ વર્તણૂંક ગેરવર્તણૂંક ગણાય નહીં ?

(A) ભારતના સાર્વભૌમત્વને હાનિકર્તા હોય તે પ્રકારની પ્રવૃતિઓ કરતા જાહેર મંડળના સભ્ય બનવું.

(B) સરકારની પૂર્વમંજૂરી વિના અખબારનું સંપાદન કરવું.

(C) સરકાર અથવા નિયત સત્તાધિકારીની પૂર્વમંજૂરી વિના રેડિયો પ્રસારણમાં ભાગ લેવો.

(D) સરકાર અથવા નિયત સત્તાધિકારીની પૂર્વમંજૂરી વિના સંપૂર્ણ સાહિત્યિક, કલા વિષયક અથવા વૈજ્ઞાનિક પ્રકારનો લેખ લખવો.

038. સરકારની ટીકા સંદર્ભે નીચે પૈકી ક્યાં કિસ્સામાં (વર્તણૂંક) નિયમનો ભંગ થયેલ ગણાશે નહીં?

(A) સરકારી કર્મચારી સરકારની નીતિ અથવા પગલાની પ્રતિકૂળ ટીકારૂપ હોય એવું નિવેદન કરે.

(B) સરકારી કર્મચારીઓના યુનિયનના હોદ્દેદાર તરીકે શુધ્ધ આશયથી મંતવ્ય વ્યક્ત કરે.

(C) કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકાર વચ્ચેના સંબંધોમાં મુશ્કેલી પેદા કરે એવું નિવેદન કે મંતવ્ય આપે.

(D) કેન્દ્ર સરકારના વિદેશી સરકાર સાથેના સંબંધોમાં મુશ્કેલી પેદા કરે તેવું મંતવ્ય પ્રદર્શિત કરે.

039. સરકારી કર્મચારી દ્વારા કયા અધિનિયમ હેઠળ અપાયેલ માહિતી ગુજરાત રાજ્ય સેવા (વર્તણૂંક) નિયમો, ૧૯૭૧ના નિયમ-૧૦ નો ભંગ ગણાતો નથી ?

(A) માહિતી અધિકાર અધિનિયમ, ૨૦૦૫

(B) નકલ અધિકાર અધિનિયમ, ૧૯૧૪

(C) ભારતીય પુરાવા અધિનિયમ, ૧૮૭૨

(D) ભારતીય કરાર નો કાયદો, ૧૮૭૨

040. વર્ગ -૨ ના અધિકારી લગ્ન વિધિ / સંવત્સરી અથવા ધાર્મિક પ્રસંગે સગા અથવા અંગત મિત્રો દ્વારા આપવામાં આવેલ વધુમાં વધુ કેટલી રકમની ભેટ સરકારને જાણ કર્યા સિવાય સ્વીકારી શકે ?

(A) રૂ. ૪૦૦૦ (B) રૂ. ૫૦૦૦

(C) રૂ. ૬૦૦૦ (D) રૂ. ૭૦૦૦

041. ગુજરાત રાજ્ય સેવા (વર્તણૂંક) નિયમો ૧૯૭૧ના નિયમ ૧૧ નો કોઈ મજકૂર નીચેની પરિસ્થિતિને લાગુ પડશે નહીં. સિવાય કે -

(A) સરકારે, સંસદે અથવા રાજ્યના વિધાન મંડળે નિમેલા સત્તાધિકારી સમક્ષની તપાસમાં આપેલા પુરાવાને

(B) સરકારની પૂર્વ મંજૂરી વિના કોઈપણ વ્યક્તિ, સમિતિ કે સત્તાધિકારીને આપેલ પુરાવાને

(C) કોઈ અદાલતી તપાસમાં આપેલા પુરાવાને

(D) સરકારે અથવા સરકારના તાબાના અધિકારીઓએ ફરમાવેલી કોઈ ખાતાકીય તપાસમાં આપેલા પુરાવાને

042. નીચેના પૈકી કયા કિસ્સામાં ગુજરાત રાજ્ય સેવા (વર્તણૂંક) નિયમોનો ભંગ થયેલો ગણાશે ?

(A) વર્ગ – ૧ ના એક અધિકારી પોતાના નવા મકાનના વાસ્તુ પ્રસંગ નિમિત્તે પોતાના સસરા પાસેથી ₹ ૧૦૦૦૦ ની ભેટ સ્વીકારે છે અને સરકારને જાણ કરે છે.

(B) વર્ગ -૨ ના એક અધિકારી પોતાની પુત્રીના લગ્ન પ્રસંગે નજીકના સગા પાસેથી ₹ ૩૦૦૦ નો ચાંદલો સ્વીકારે છે પરંતુ સરકારને તેની જાણ કરતા નથી.

(C) વર્ગ – ૩ ના એક કર્મચારી પોતાના ઘરે મહેમાન તરીકે આવેલા એક સંબંધી દ્વારા પોતાના પુત્રને અપાયેલ ₹ ૧૦૦૦ની ભેટ સ્વીકારે છે અને સરકારને તેની જાણ કરે છે.

(D) વર્ગ-૪ ના એક કર્મચારી સંવત્સરી નિમિત્તે ₹ ૫૦૦ ની ભેટ અંગત મિત્ર પાસેથી સ્વીકારે છે.

043. નીચે પૈકી કયા કિસ્સામાં ગુજરાત રાજ્ય સેવા (વર્તણૂંક) નિયમો ૧૯૭૧ના નિયમ ૧૬ નો ભંગ થયેલો ગણાશે નહીં ?

(A) સરકારી કર્મચારી કોઈપણ રોકાણમાં સટ્ટો રમે છે.

(B) સરકારી કર્મચારી તેની સરકારી ફરજો અદા કરવામાં મૂંઝવણ ઊભી કરે એવું રોકાણ કરે છે.

(C) સરકારી કર્મચારી સરકારની પૂર્વ મંજૂરી વિના પોતાની હુકુમત હેઠળની સ્થાનિક હદની અંદર જમીન ધરાવતી વ્યક્તિને પૈસા ધીરે છે.

(D) સરકારી કર્મચારી અંગત મિત્ર પાસેથી નાની રકમ વ્યાજ વિના તદ્દન કામચલાઉ રીતે સ્વીકારે છે.

044. ગુજરાત રાજ્ય સેવા (વર્તણૂંક) નિયમો, ૧૯૭૧ના નિયમ-૧૯ ના હેતુ માટે "જંગમ મિલકત" શબ્દ પ્રયોગમાં નીચેના પૈકી શાનો સમાવેશ થતો નથી ?

(A) ઝવેરાત (B) સરકારી કર્મચારીએ લીધેલી લોન

(C) મોટર સાયકલ (D) રેડિયો ગ્રામ

045. ગુજરાત રાજ્ય સેવા (વર્તણૂંક) નિયમો ૧૯૭૧ના નિયમ ૩ (ક) મુજબ, કોઈપણ સરકાર સરકારી કર્મચારી શું ન કરી શકે?

(A) ફરજો બજાવતી વખતે અવિવેકી વર્તન

(B) કામગીરીના નિકાલમાં વિલંબકારી યુક્તિ પ્રયુક્તિ કે જાણી જોઈને વિલંબ

(C) કામના સ્થળે મહિલા સહકર્મચારીની જાતીય સતામણીનું કૃત્ય

(D) ઉક્ત A તથા B

046. ગુજરાત રાજ્ય સેવા (વર્તણૂંક) નિયમો ૧૯૭૧ ના નિયમ ૧૭ મુજબ, નીચે પૈકી કયા કિસ્સામાં કર્મચારી નોકરીમાંથી દૂર થવાને પાત્ર નથી ?

(A) જ્યારે કોઈ સરકારી કર્મચારીને નાદાર ઠરાવવામાં કે જાહેર કરવામાં આવેલ હોય.

(B) સરકારી કર્મચારી ના પગારના અડધા ભાગ પર કાયમી ટાંચ મુકાયેલ હોય.

(C) સરકારી કર્મચારીના પગારના અડધા ભાગ પર બે વર્ષથી વધુ મુદતથી ટાંચ ચાલુ હોય.

(D) એક વર્ષની મુદતમાં સામાન્ય સંજોગોમાં ભરપાઇ થઈ શકે તેટલી રકમ માટે તેના પર ટાંચ મુકાઈ હોય.

047. ગુજરાત રાજ્ય સેવા (વર્તણૂંક) નિયમો-૧૯૭૧ ના નિયમ ૩ ખ મુજબ નીચે પૈકી કોનો સમાવેશ "જાતીય સતામણી"માં થતો નથી ?

(A) શારીરિક સ્પર્શ

(B) જાતીય સંમતિ માટે માંગણી

(C) મહિલા સહકર્મચારીને ઓફિસ કેન્ટીનમાં સાથે ભોજન લેવા આમંત્રણ આપવું

(D) અશ્લીલ સાહિત્ય બતાવવું

048. ગુજરાત રાજ્ય સેવા (વર્તણૂંક) નિયમો, ૧૯૭૧ સંદર્ભે, સરકારી કર્મચારીને ઉપરી અધિકારી તરફથી મૌખિક સૂચનાઓ મળે ત્યારે શું કરવું જોઈએ ?

(A) મૌખિક સૂચનાઓનું લેખિત સમર્થન શક્ય તેટલી ત્વરાએ મેળવી લેવું જોઈએ.

(B) કર્મચારીએ આ અંગે ઉપરી અધિકારી સાથે ચર્ચા વિચારણા કરવી જોઈએ.

(C) હુકમ આપનાર અધિકારી સિવાયના અન્ય કોઈપણ અધિકારીનું લેખિત સમર્થન મેળવી લેવું જોઈએ.

(D) સરકારી કર્મચારીએ ઉપરી અધિકારીની મૌખિક સૂચનાઓનું પાલન કરવું જરૂરી નથી.

049. જેનો પતિ કે પત્ની હયાત હોય તેવા સરકારી કર્મચારીને બીજી કોઈપણ વ્યક્તિ સાથે લગ્ન / લગ્નના કરાર કરવાની સરકાર છૂટ આપી શકે ?

(A) ના

(B) હા, જ્યારે તેના હયાત પતિ /પત્ની દ્વારા પરવાનગી આપવામાં આવી હોય.

(C) હા, હયાત પતિ/પત્નીના માતા-પિતાની પરવાનગી હોય તો આપી શકે.

(D) હા, સરકારી કર્મચારી અને લગ્નથી જોડાતી સામી વ્યક્તિને લાગુ પડતા અંગત કાયદા હેઠળ આવું લગ્ન કરવાની છૂટ હોય તો

050. ગુજરાત રાજ્ય સેવા (શિસ્ત અને અપીલ) નિયમો ૧૯૭૧ નીચેનામાંથી કોને લાગુ પડે છે ?

(A) જેમની સેવાની શરતો સંવિધાનની કલમ ૩૦૯ હેઠળ કરેલા નિયમો અનુસાર નિયમિત થાય છે તેવા ગુજરાત સરકારના કર્મચારીઓને

(B) અખિલ ભારતીય સેવાના સભ્યોને

(C) પોલીસ ઇન્સ્પેક્ટરોને

(D) પોલીસ દળના નીચલી પાયરીના સભ્યોને

051. ગુજરાત રાજ્ય સેવા (શિસ્ત અને અપીલ) નિયમો ૧૯૭૧ સંદર્ભે, શિસ્ત અધિકારી એટલે....

(A) નિયમ ૬ માં દર્શાવેલ તમામ શિક્ષા કરવાની સત્તા ધરાવતા અધિકારી

(B) નિયમ ૬ માં દર્શાવેલ કોઈપણ શિક્ષા કરવાની સત્તા ધરાવતા અધિકારી

(C) ગુજરાત સરકાર

(D) કર્મચારીના નિમણૂક અધિકારી

052. ગુજરાત રાજ્ય સેવા (શિસ્ત અને અપીલ) નિયમો ૧૯૭૧ ની જોગવાઇઓ મુજબ, સરકારી કર્મચારીને ફરજ મોકૂફી હેઠળ ઉતારવાની સત્તા કોને છે ?

(A) તેના નિમણૂક અધિકારીને

(B) નિમણૂક અધિકારીના ઉપરી અધિકારીને

(C) સરકારે સત્તા આપી હોય તેવા બીજા કોઈ પણ અધિકારી

(D) ઉક્ત તમામને

053. ગુજરાત રાજ્ય સેવા (શિસ્ત અને અપીલ) નિયમો- ૧૯૭૧ બાબતે નીચેના પૈકી ક્યું વિધાન સત્ય છે ?

(A) ગુજરાત રાજ્ય સેવા (શિસ્ત અને અપીલ) નિયમો- તા. ૧૫/૦૮/૧૯૭૧ થી અમલમાં આવ્યા.

(B) ગુજરાત રાજ્ય સેવા (શિસ્ત અને અપીલ) નિયમો - ૧૯૭૧ પોલીસ દળના તમામ સભ્યોને લાગુ પડે છે.

(C) ગુજરાત રાજ્ય સેવા (શિસ્ત અને અપીલ) નિયમો-૧૯૭૧ના નિયમ - ૨ મુજબ 'કમિશન' એટલે ગુજરાત તકેદારી આયોગ.

(D) ઉક્ત પૈકી એક પણ નહી.

054. ગુજરાત રાજ્ય સેવા (શિસ્ત અને અપીલ) નિયમો-૧૯૭૧ના સંદર્ભે નીચેના પૈકી કયું જોડકું સાચું નથી.

(A) સરકાર- ગુજરાત તથા કેન્દ્ર સરકાર

(B) શિસ્ત અધિકારી – સરકારી કર્મચારીને શિસ્તમાં રાખવા નિમાયેલ અધિકારી

(C) ઉચ્ચ કક્ષાની સમિતિ - રાજયના મુખ્ય સચિવના અધ્યક્ષ સ્થાને નિમાયેલ સમિતી.

(D) ઉકત તમામ

055. ગુજરાત રાજ્ય સેવા (શિસ્ત અને અપીલ) નિયમો - ૧૯૭૧ હેઠળ શિસ્ત વિષયક કાર્યવાહીને યોગ્ય ક્રમમાં ગોઠવો.

(૧) તપાસ અહેવાલ પર કારણદર્શક નોટિસ આપવી.

(૨) આરોપનામા અન્વયે બચાવનામુ મેળવવું

(૩) આરોપનામુ બજાવવું

(૪) તપાસ અધિકારી અને રજૂઆત અધિકારીની નિમણૂક કરવી.

(૫) શિક્ષાનો હુકમ કરવો.

(A) ૩,૨,૪,૫,૧

(B) ૩,૨,૫,૪,૧

(C) ૩,૨,૪,૧,૫

(D) કોઈ ક્રમ નિયત થયેલ નથી.

056. ગુજરાત રાજ્ય સેવા (શિસ્ત અને અપીલ) નિયમો-૧૯૭૧ અંતર્ગત ઉચ્ચ કક્ષાની સમિતિ ૧૧(ક) હેઠળ કોઈપણ સરકારી કર્મચારીને નીચેના પૈકી કઈ શિક્ષા કરી શકે ?

(A) લેખિત ઠપકો

(B) પગાર ધોરણના નીચલા તબક્કે ઉતારવા

(C) પાયરી ઉતાર કરવો

(D) નોકરીમાંથી બરતરફીની શિક્ષા

057. ગુજરાત રાજ્ય સેવા (શિસ્ત અને અપીલ) નિયમો-૧૯૭૧ના કયા નિયમમાં "સંયુકત કાર્યવાહી"નો ઉલ્લેખ કરવામાં આવેલ છે ?

(A) 11

(B) 12

(C) 13

(D) 14

058. કોઈ સરકારી કર્મચારી તપાસ અધિકારી સમક્ષ કોઈ પણ રજૂઆત કર્યા વિના હાજર રહેતા નથી. તો તપાસ અધિકારી તેના વિરૂધ્ધ નીચેના પૈકી કઈ કાર્યવાહી હાથ ધરી શકશે ?

(A) આ સંજોગોમાં તપાસ અધિકારી આગળ કાર્યવાહી હાથ ધરી શકશે નહી.

(B) તે કર્મચારી પુરતું પ્રકરણ શિસ્ત અધિકારીને પરત કરશે.

(C) તપાસ અધિકારી એકપક્ષીય કાર્યવાહી હાથ ધરી તપાસ આગળ વધારી શકશે.

(D) ઉકત તમામ.

059. સેવા ઉછીની અપાઈ હોય તેવા કર્મચારી / અધિકારી સામેની શિસ્ત વિષયક કાર્યવાહી કરવા અંગે શું જોગવાઈ છે?

(A) સેવા ઉછીની લેનાર સત્તાધિકારી સેવા ઉછીની આપનાર અધિકારીની સલાહથી નાની શિક્ષાની કાર્યવાહી કરી શકે.

(B) સેવા ઉછીની લેનાર સત્તાધિકારી મોટી શિક્ષાની કાર્યવાહી કરી શકે.

(C) સેવા ઉછીની લેનાર સત્તાધિકારીને નિયમ-૧૫ ની જોગવાઈ મુજબ ફરજ મોકૂફી ઉપર ઉતારવાની તથા શિસ્ત વિષયક કાર્યવાહી હાય ધરવાની સત્તા નથી.

(D) આક્ષેપિતની સંમતિથી ઉકત કાર્યવાહી કરી શકે.

060. કોઈ સરકારી કર્મચારી ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમ-૧૯૮૮ ની કોઈ કલમ હેઠળ દોષિત ઠર્યો હોય તો તેની વિરૂદ્ધ નીચેના પૈકી ક્યા નિયમ હેઠળ શિસ્ત વિષયક કાર્યવાહી હાથ ધરી શકાશે ?

(A) ગુ.રા. સે. (શિસ્ત અને અપીલ) નિયમો-૧૯૭૧ ના નિયમ- ૯ હેઠળ

(B) ગુ.રા. સે. (શિસ્ત અને અપીલ) નિયમો-૧૯૭૧ ના નિયમ- ૧૧ હેઠળ

(C) ગુ.રા. સે. (શિસ્ત અને અપીલ) નિયમો-૧૯૭૧ ના નિયમ- ૧૪ હેઠળ

(D) ઉક્ત તમામ

061. ગુજરાત રાજ્ય (શિસ્ત અને અપીલ) નિયમો - ૧૯૭૧ હેઠળ સરકારના હુકમોની પુનર્વિચારણા અંગે શું જોગવાઈ છે?

(A) સરકારનો હુકમ હોઈ પુનર્વિચારણા થઈ શકે નહી.

(B) માત્ર નામદાર હાઈકોર્ટ માં જ પુનર્વિચારણા થઈ શકે.

(C) શિક્ષાના પ્રમાણને આધારે પુનર્વિચારણા કરી શકાય.

(D) રેકર્ડમાં કોઈ દેખીતી ભુલ હોય કે બીજા પુરતા કારણોસર પુનર્વિચારણા થઈ શકે છે.

062. ખાતાકીય તપાસના અંતે કરાયેલ શિક્ષાના અમલીકરણ બાબતે નીચેના પૈકી કઈ બાબત સાચી નથી?

(A) શિક્ષાનો અમલ કઈ તારીખથી શરુ થશે અને ક્યારે પૂર્ણ થશે તેની વિગતો શિક્ષાના હુકમમાં આમેજ થાય તે પ્રમાણે શિક્ષાના હુકમ કરવા.

(B) શિક્ષાના હુકમની ખાતાના વડાને કે કર્મચારી / અધિકારીના નિયંત્રક અધિકારીને રવાના કરવામાં આવતી નકલમાં આ શિક્ષાના હુકમની અમલવારી પૂર્ણ થયે તેની જાણ શિક્ષાના હુકમ કરનારને કરવાની સૂચના આપવાની રહે છે.

(C) શિક્ષાના હુકમની અને તેની અમલવારીની નોંધ સંબધિત કર્મચારી / અધિકારીના સેવાકીય રેકર્ડમાં દાખલ થાય તેની નિયંત્રક અધિકારીએ કાળજી લેવાની રહેશે.

(D) ઉક્ત તમામ વિકલ્પમાં દર્શાવેલ વિધાનો ખોટા છે.

063. તપાસ પૂર્ણ થયા બાદ તપાસ અધિકારી દ્વારા રજૂ કરવામાં આવતા અહેવાલમાં નીચેના પૈકી કઈ બાબતનો સમાવેશ જરૂરી નથી?

(A) આરોપનામુ અને આક્ષેપપત્રક

(B) તહોમતના દરેક મુદ્દા અંગે પુરાવાની સમાલોચના

(C) તહોમતના મુદ્દા અંગે સરકારી કર્મચારીનો બચાવ

(D) તપાસ દરમ્યાન કરવામાં આવેલ રોજકામની નકલ

064. ગુજરાત રાજ્ય સેવા (શિસ્ત અને અપીલ) નિયમો ૧૯૭૧ ની જોગવાઇઓ મુજબ, આક્ષેપિત કર્મચારીને મિત્ર મદદનીશ તરીકે વકીલને રાખવાની પરવાનગી કોણ આપી શકે છે?

(A) તપાસ અધિકારી

(B) શિસ્ત અધિકારી

(C) રજૂઆત અધિકારી

(D) મિત્ર મદદનીશ તરીકે વકીલને રાખવાની પરવાનગી આપી શકાતી નથી

065. ગુજરાત રાજ્ય સેવા (શિસ્ત અને અપીલ) નિયમો ૧૯૭૧ ની જોગવાઇઓ મુજબ, ખાતાના વડા તેમના વહીવટી નિયંત્રણ હેઠળના વર્ગ-૨ ના અધિકારીને કઈ શિક્ષા કરી શકે છે ?

(A) ઠપકો

(B) ઈજાફા અથવા બઢતીની રૂકાવટ

(C) આર્થિક નુકસાનની પગારમાંથી વસુલાત

(D) ઉક્ત A તથા B માં દર્શાવેલ શિક્ષા

066. ગુજરાત રાજ્ય સેવા (શિસ્ત અને અપીલ) નિયમો ૧૯૭૧ના નિયમ - ૮ સંદર્ભે નીચે પૈકી શું સત્ય નથી ?

(A) સરકાર સરકારી કર્મચારી સામે શિસ્ત ભંગ અંગેની કાર્યવાહી કરી શકે છે.

(B) સરકાર નિયમ ૬ માં દર્શાવેલ કોઈપણ શિક્ષા કરવાની સત્તા ધરાવતા શિસ્ત અધિકારીને કોઈપણ સરકારી કર્મચારી સામે શિસ્ત ભંગ અંગેની કાર્યવાહી કરવાનું જણાવી શકે છે.

(C) હાલ સત્તા ધરાવતા શિસ્ત અધિકારી કર્મચારીની અગાઉની રાજ્ય સરકારની સેવામાં ધારણ કરેલ જગ્યા પર રહીને તેણે કરેલ કોઈ કૃત્ય અથવા કાર્યલોપ માટે કાર્યવાહી શરૂ કરી શકતા નથી.

(D) માત્ર નાની શિક્ષા કરવાની સત્તા ધરાવતા શિસ્ત અધિકારી કર્મચારી સામે મોટી શિક્ષાની કાર્યવાહી હાથ ધરી શકે છે.

067. ગુજરાત રાજ્ય સેવા (શિસ્ત અને અપીલ) નિયમો ૧૯૭૧ ની જોગવાઇઓ મુજબ, તપાસ અધિકારીના અહેવાલમાં નીચે પૈકી કઈ બાબતનો સમાવેશ થતો નથી ?

(A) કર્મચારીના બચાવની વિગતો

(B) પુરાવાની સમાલોચના

(C) તહોમતના દરેક મુદ્દા પરના તપાસ અધિકારીના તારણો અને તે માટેના કારણો

(D) ક્ષતિની ગંભીરતા અનુરૂપ શિક્ષાનું સૂચન

068. ગુજરાત રાજ્ય સેવા (શિસ્ત અને અપીલ) નિયમો ૧૯૭૧ ની જોગવાઇઓ મુજબ, સરકારી કર્મચારીને કોઈપણ શિક્ષા કરવા અંગેનો હુકમ કરતા પહેલા કેટલાક કિસ્સામાં કોની સલાહ માટે રેકર્ડ મોકલવામાં આવે છે ?

(A) ગુજરાત પબ્લિક સર્વિસ કમિશન

(B) ગુજરાત તકેદારી આયોગ

(C) ગુજરાત હાઇકોર્ટ

(D) લાંચ-રુશ્વત વિરોધી બ્યુરો

069. ગુજરાત રાજ્ય સેવા (શિસ્ત અને અપીલ) નિયમો ૧૯૭૧ ના ક્યા નિયમ નીચે હાથ ધરાયેલ કાર્યવાહીને નિયમ ૮ અથવા ૯ નો મજકૂર લાગુ પડતો નથી?

(A) નિયમ ૧૩

(B) નિયમ ૧૪

(C) નિયમ ૧૫

(D) નિયમ ૧૬

070. ગુજરાત રાજ્ય સેવા (શિસ્ત અને અપીલ) નિયમો ૧૯૭૧ ની જોગવાઇઓ મુજબ, રાજ્ય સરકારના જે કર્મચારીની સેવા કેન્દ્ર સરકાર અથવા અન્ય રાજ્યને ઉછીની આપેલ હોય તેવા કર્મચારીને નિયમ ૬ હેઠળની ક્રમ (૪) થી (૮) માં દર્શાવેલ શિક્ષા કરવાની સત્તા કોને છે?

(A) સેવા ઉછીની લેનાર અધિકારીને

(B) સેવા ઉછીની આપનાર અધિકારીને

(C) સેવા ઉછીની આપનાર અધિકારીની સલાહથી સેવા ઉછીની લેનાર અધિકારીને

(D) સેવા ઉછીની અપાયેલ હોય તેવા અધિકારીને કોઈપણ અધિકારી ભારે શિક્ષા કરી શકે નહીં.

071. ગુજરાત રાજ્ય સેવા (શિસ્ત અને અપીલ) નિયમો ૧૯૭૧ ની જોગવાઇઓ મુજબ, અપીલ માટેની સામાન્ય સમય મર્યાદા શું છે?

(A) હુકમ થયાથી ૩૦ દિવસ

(B) હુકમ થયાથી ૪૫ દિવસ

(C) હુકમ અપીલ કરનારને મળે તેનાથી ૪૫ દિવસ

(D) હુકમ અપીલ કરનારને મળે તેનાથી ૬૦ દિવસ

072. ગુજરાત રાજ્ય સેવા (શિસ્ત અને અપીલ) નિયમો ૧૯૭૧ ની જોગવાઇઓ મુજબ, અપીલના સ્વરૂપ અને અંતર્વસ્તુ બાબતે નીચે પૈકી કયું વિધાન સત્ય નથી ?

(A) અપીલ કરનાર દરેક વ્યક્તિએ અલગ રીતે અપીલ કરવાની રહે છે.

(B) અપીલની એક નકલ જે હુકમ સામે અપીલ કરવાની હોય તે હુકમ કરનાર અધિકારીને મોકલવાની રહે છે.

(C) અપીલની ભાષા અનાદરભરી કે અનુચિત હોવી જોઈશે.

(D) અપીલ કરનારે જેના પર આધાર રાખ્યો હોય તેવા બધા મહત્વના નિવેદનો અને દલીલો તેમાં સામેલ કરવા જોઈશે.

073. કોઇપણ અધિકારીએ ગુજરાત રાજ્ય સેવા (શિસ્ત અને અપીલ) નિયમો ૧૯૭૧ હેઠળ કરેલ હુકમની પૂનઃવિચારણા કરવાની સત્તા કોને છે? કયા નિયમ હેઠળ?

(A) શિસ્ત અધિકારીને નિયમ ૨૨ હેઠળ

(B) શિસ્ત અધિકારીને નિયમ ૨૪ હેઠળ

(C) સરકારને નિયમ ૨૨ હેઠળ

(D) સરકારને નિયમ ૨૪ હેઠળ

074. ગુજરાત રાજ્ય સેવા (શિસ્ત અને અપીલ) નિયમો ૧૯૭૧ મુજબ, જેઓ વર્ગ ૨ના અધિકારી હોય એવા કચેરીના વડાને, જેમની નિમણૂક કરવાની સત્તા પોતાને ન હોય પરંતુ તેમના હાથ નીચે કામ કરતા હોય તેવા તાબાની કે નીચલા દરજ્જાની સેવાના કર્મચારીને નીચે પૈકી કઈ શિક્ષા કરવાની સત્તા નથી ?

(A) ઠપકો

(B) ભવિષ્યના ઈજાફાને અસર થાય તે રીતે છ મહિના સુધી ઈજાફા અટકાવવાની

(C) ભવિષ્યના ઈજાફાને અસર ન થાય તે રીતે છ મહિના સુધી ઈજાફા અટકાવવાની

(D) સિનિયોરિટી ને અસર ન થાય તે રીતે છ મહિના સુધી બઢતી અટકાવવાની

075. ગુજરાત રાજ્ય સેવા (શિસ્ત અને અપીલ) નિયમો ૧૯૭૧ મુજબ, ફરજમોકૂફી હેઠળના કર્મચારીને નોકરીમાંથી ફરજિયાત નિવૃત્તિની શિક્ષા કરવામાં આવી હોય તેવા કર્મચારીની શિક્ષા ન્યાયાલય દ્વારા રદબાતલ કરવામાં આવે ત્યારે તેને ફરજમોકૂફી ઉપર ચાલુ રાખી શકાય ? જો હા, તો કઈ તારીખથી?

(A) ફરજિયાત નિવૃત્તિના મુળ હુકમની તારીખથી
(B) ન્યાયાલયના ચુકાદા તારીખથી
(C) ફરજમોકૂફી ઉપર મૂકયા તારીખથી
(D) ફરજમોકૂફી હેઠળ ચાલુ રાખી શકાય નહિ.

076. સરકારે બક્ષીપંચની ભલામણોનો કયા વર્ષથી સ્વીકાર કરેલ હતો ?

(A) 1978
(B) 1998
(C) 1986
(D) 1992

077. સામાજિક અને શૈક્ષણિક પછાત વર્ગોના લાભાર્થી ઉમેદવારોને જાતિ પ્રમાણપત્રો આપવા માટે સૌથી પ્રથમ કયા વિભાગે પરિપત્ર કરેલ હતો ?

(A) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ
(B) સામાન્ય વહીવટ વિભાગ
(C) મજુર સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગ
(D) નાણા વિભાગ

078. નીચેનામાંથી કયા અધિકારીને સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના જાતિ પ્રમાણપત્ર આપવા માટે અધિકૃત કરાયેલા નથી ?

(A) નાયબ જિલ્લા વિકાસ અધિકારી
(B) સમાજ કલ્યાણ અધિકારી (અનુસૂચિત જાતિ)
(C) તાલુકા વિકાસ અધિકારી
(D) કલેકટર

079. સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોને જાતિ પ્રમાણપત્રો આપવામાં તકેદારી અને ચોકસાઈ રાખવા બાબતની વિશેષ સૂચનાઓ સંદર્ભેના પરિપત્રની સામેલ પરિશિષ્ટોમાંથી કયું જોડકું ખોટું છે?

(A) પરિશિષ્ટ-૧ : સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોની યાદી
(B) પરિશિષ્ટ-૨: SEBC તરીકેનું પ્રમાણપત્ર મેળવવા માટેની અરજી, બાંહેધરીનો નમૂનો
(C) પરિશિષ્ટ-૩: પહોંચનો નમુનો તેમજ કચેરીનાં ઉપયોગ માટેનાં ચેકલિસ્ટ
(D) પરિશિષ્ટ-૪: સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ તરીકેનું પ્રમાણપત્રનો નમુનો

080. નીચેનામાંથી કયા સમયગાળા દરમિયાન માનનીય ધારાસભ્યશ્રી / માનનીય સંસદસભ્યશ્રી તેમના મતવિસ્તારમાં વસવાટ કરતા ઉમેદવારો પૂરતા જાતિ અંગેના દાખલા આપે તો તેને પ્રમાણભૂત આધાર માનવાનું ઠરાવેલ હતું ?

(A) 01/05/1960 થી 01/04/1978
(B) 01/04/1978 થી 25/06/1998
(C) 25/06/1998 થી 06/06/2005
(D) 01/04/1978 થી 10/06/2002

081. નીચેનામાંથી કયો રોસ્ટર રજીસ્ટરનો એક પ્રકાર નથી ?

(A) રાજ્ય કક્ષાના સંવર્ગો માટેનું રોસ્ટર રજીસ્ટર
(B) નાના સંવર્ગો માટે એલ આકારનું રોસ્ટર રજીસ્ટર
(C) જિલ્લા કક્ષાની કેડર માટેનું રોસ્ટર રજીસ્ટર
(D) ખાનગી યુનિવર્સિટીના સંવર્ગો માટેનો રોસ્ટર રજીસ્ટર

082. જિલ્લા કક્ષાએ થતી વર્ગ-૩ની ભરતીઓ માટે ઉમેદવારોના રોસ્ટર રજીસ્ટરમાં નીચેનામાંથી સાચું જોડકું શોધીને લખો.

(A) કચ્છ અનુસૂચિત જનજાતિ 10%
(B) ડાંગ અનુસૂચિત જાતિ 1%
(C) વલસાડ સા.શૈ.પ.વ. 25%
(D) અમરેલી અનુસૂચિત જનજાતિ 10 %

083. જિલ્લા કક્ષાએ થતી વર્ગ-૩ની ભરતીઓ માટે ઉમેદવારોના રોસ્ટર રજીસ્ટરમાં નીચેનામાંથી સાચું જોડકું શોધીને લખો.

(A) સુરેન્દ્રનગર અનુસૂચિત જાતિ 10%
(B) બનાસકાંઠા અનુસૂચિત જનજાતિ 10%
(C) વલસાડ અનુસૂચિત જાતિ 3%
(D) ભાવનગર અનુસૂચિત જનજાતિ 6%

084. જિલ્લા કક્ષાએ થતી વર્ગ-૩ની ભરતીઓ માટે ઉમેદવારોના રોસ્ટર રજીસ્ટરમાં નીચેનામાંથી ખોટું જોડકું શોધીને લખો.

(A) મહેસાણા સા.શૈ.પ.વ. 27%
(B) ગાંધીનગર અનુસૂચિત જનજાતિ 5%
(C) કચ્છ આર્થીક નબળા વર્ગો 10%
(D) ભરુચ અનુસૂચિત જાતિ 40%

085. જિલ્લા કક્ષાએ થતી વર્ગ-૩ની ભરતીઓ માટે ઉમેદવારોના રોસ્ટર રજીસ્ટરમાં નીચેનામાંથી સાચું જોડકું શોધીને લખો.

(A) પંચમહાલ અનુસૂચિત જનજાતિ 30%
(B) ખેડા અનુસૂચિત જનજાતિ ૧૪%
(C) સુરેન્દ્રનગર અનુસૂચિત જાતિ ૭%
(D) રાજકોટ અનુસૂચિત જાતિ 7%

086. સામાન્ય વહીવટ વિભાગના ઠરાવ અનુસાર દિવ્યાંગો માટેની અનામતની જોગવાઈ નીચેનામાંથી કયા પ્રકારની ગણાવી છે?

(A) Additive in nature
(B) Special in nature
(C) Comparative in nature
(D) Complicated in nature

087. તાજેતરના સુધારાઓ પહેલા દિવ્યાંગતા ધરાવતા ઉમેદવારોની જગ્યાઓ માટે નીચેનામાંથી કયા પત્રકમાં તારીજ દર્શાવવામાં આવતી હતી?

(A) પરિશિષ્ટ-૩
(B) પત્રક-ક
(C) પરિશિષ્ટ-૧
(D) પરિશિષ્ટ-૨

088. દિવ્યાંગ વ્યક્તિઓને રોસ્ટર રજિસ્ટર બાબતે નીચેનામાંથી કયો વિકલ્પ સાચો નથી ?

(A) દિવ્યાંગ રોસ્ટર રજીસ્ટરમાં ૨૦૦ પોઇન્ટ હોય છે.
(B) દિવ્યાંગ રોસ્ટર રજીસ્ટર અલગથી નિભાવવું જરૂરી છે
(C) દિવ્યાંગ રોસ્ટર રજીસ્ટરમાં દિવ્યાંગતાનો પ્રકાર લખવો જરૂરી છે.
(D) દિવ્યાંગ રોસ્ટર રજીસ્ટરમાં હાલ ચાર કેટેગરીમાં દિવ્યાંગોનો સમાવેશ થાય છે.

089. ત્રણ ટકાની દિવ્યાંગતા ધરાવતા વ્યક્તિઓ માટે રોસ્ટર રજીસ્ટર નિભાવવાની સૂચનાઓમાં નીચેનામાંથી કયા ક્રમ ઉપર દિવ્યાંગોનો અનામત ક્રમ રાખવામાં આવેલ નથી ?

(A) 67
(B) 68
(C) 100
(D) 34

090. ત્રણ ટકા દિવ્યાંગતા ધરાવતા રોસ્ટર રજીસ્ટર નિભાવવાની સૂચનાના ઠરાવમાં નીચેનામાંથી કઈ દિવ્યાંગતાનો સમાવેશ થયેલ નથી ?

(A) અંધત્વની ખામી
(B) મગજનો લકવો
(C) બહુ વિકલાંગતા
(D) શ્રવણની ખામી

091. આર્થિક રીતે નબળા વર્ગના નાગરિકોની આપવામાં આવતી 10% અનામતની જોગવાઈ કઈ તારીખ થી અમલમાં આવેલ હતી?

(A) ૧૪/૦૩/૨૦૧૯
(B) ૦૧/૦૧/૨૦૧૯
(C) ૧૪/૦૨/૨૦૧૯
(D) ૧૪/૦૧/૨૦૧૯

092. The Rights of Persons with Disabilities Act, 2016 માં કેટલા પ્રકારની દિવ્યાંગતા નિયત કરવામાં આવેલ છે?

(A) ૦૭ પ્રકારની
(B) ૧૩ પ્રકારની
(C) ૨૧ પ્રકારની
(D) ૧૭ પ્રકારની

093. બેન્ચ માર્ક ડિસેબિલિટીઝ કેટેગરી ( કક્ષા / ખંડ ) અન્વયેના જૂથ માટે નીચેના પૈકી કયુ જોડકું / જોડકા સાચું /સાચા નથી ?

(A) જૂથ A --- ખંડ a. અંધત્વ
(B) જૂથ B --- ખંડ b. બૌધ્ધિક દિવ્યાંગતા
(C) જૂથ C --- ખંડ c. મગજનો લકવો
(D) જૂથ D --- ખંડ d. સ્વલીનતા

094. રાજ્ય સરકારે કઈ તારીખથી આદિવાસી અંગે બહાર પાડેલી સૂચનાઓ મુજબ ગુજરાતમાં કાયમી વસવાટ કર્યો હોય તો સા.શૈ.પ.વ.નું જાતિ પ્રમાણપત્ર આપવા માટે લાયક ગણેલ છે ?

(A) ૩૦/૦૬/૧૯૯૪
(B) ૦૧/૦૫/૧૯૬૦
(C) ૦૧/૦૪/૧૯૭૮
(D) ૧૫/૦૮/૧૯૪૭

095. નાના સંવર્ગોમાં અંગ્રેજી એલ ( L ) આકારમાં દર્શાવેલ નમૂનારુપ રોસ્ટર કેટલી સંખ્યાનું સંવર્ગ બળ હોય તો લાગુ પડે ?

(A) ૧ થી વધુ પરંતુ ૧૫ થી ઓછા
(B) ૧ થી વધુ પરંતુ ૧૪ થી ઓછા
(C) ૨ થી વધુ પરંતુ ૧૫ થી ઓછા
(D) ૨ થી વધુ પરંતુ ૧૪ થી ઓછા

096. રોસ્ટરના ક્રમાંક............................. ને બેન્ચમાર્ક ડિસેબિલીટીઝ ધરાવતી વ્યક્તિઓ માટે અંકિત કરવાના રહેશે ?

(A) ૧,૨૬,૫૧,૭૬
(B) ૨૬,૫૧,૭૬,૧૦૦
(C) ૨૫,૫૦,૭૫,૧૦૦
(D) ૧,૨૫,૫૦,૭૫

097. અનુસૂચિત જાતિ, અનુસુચિત જનજાતિ, સામાજિક અને શૈક્ષણિક પછાતવર્ગો અને શારીરિક ખોડખાંપણવાળા વર્ગો માટે સરકારી સેવામાં જગાઓ અનામત રાખવા અંગેના સંકલિત ઠરાવની જોગવાઈઓ મુજબ રોસ્ટર સંપર્ક અધિકારી દ્વારા પ્રમાણિત કરેલ રોસ્ટર રજીસ્ટરો કોની પાસે પ્રમાણિત કરાવવાના હોય છે?

(A) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ પાસે
(B) જે તે ખાતાના વિભાગ પાસે
(C) આદિજાતિ વિકાસ વિભાગ પાસે
(D) સામાન્ય વહીવટ વિભાગ પાસે

098. નીચેના વિધાનો ખરા છે કે ખોટા તે ચકાસો.

૧. અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ અને આર્થિક રીતે નબળા વર્ગો માટેની અનામત વર્ટીકલ રીઝર્વેશન કહેવામાં આવે છે.

૨. દિવ્યાંગ, ભૂતપૂર્વ સૈનિક અને મહિલા અનામતને હોરિઝોન્ટલ રીઝર્વેશન કહે છે.

(A) વિધાન (૧) સાચું અને (૨) ખોટું
(B) વિધાન (૧) ખોટું અને (૨) સાચું
(C) બન્ને વિધાનો સાચાં છે.
(D) બન્ને વિધાનો ખોટાં છે.

099. આર.કે.સભરવાલ અને અન્યો વિરુધ્ધ પંજાબ સરકાર અને અન્યોના કેસમાં ના.સર્વોચ્ચ અદાલતના ચુકાદાથી " ખાલી જગ્યા આધારિત" (VACANCY BASED) રોસ્ટરોના સ્થાને કયા રોસ્ટરો અમલમાં મૂકવામાં આવેલ છે ?

(A) ભરાયેલ જગ્યા આધારિત
(B) અનામત આધારિત
(C) દિવ્યાંગ અનામત આધારિત
(D) જગ્યા આધારિત

100. રોસ્ટરની વિશેષ નોંધમાં નીચેનામાંથી કઈ તારીખ લખવી જરૂરી નથી?

(A) નિવૃત્તિની તારીખ
(B) બઢતીની તારીખ
(C) જિલ્લા ફેર બદલીની તારીખ
(D) ઇજાફાની તારીખ